રંગીન પટ આગમપ્રભાકર સ્વ. શ્રી પુણ્યવિજયના સંગ્રહમાં હતો. તેના ઉપરથી રંગીન બ્લોક કરાવેલો પટ મારા પોતાના સંગ્રહમાં છે.

ઉપરોક્ત કૃતિઓ જોવાથી, તેઓશ્રીનો જૈન ચિત્રકલા તથા જૈન મંત્ર–આમ્નાયો પ્રત્યેનો અદ્વિતીય પ્રેમ હોવાનું સાબિત થાય છે. આવા ઉચ્ચ કોટિના મહાપુરુષના જીવન સબંધી પ્રકાશ પાડે તેવું સાહિત્ય ઉપલબ્ધ નથી.

સંવત ૧૪૭૪ માં લખાયેલી સુંદર ચિત્રવાળી હસ્તપ્રતમાં પણ તેઓશ્રીનો આચાર્ય તરીકે ઉલ્લેખ છે અને સંવત ૧૫૩૫ માં તેમના ઉપદેશથી કરાવેલી ધાતુપ્રતિમા પરના લેખ ઉપરથી એમ લાગે છે કે, તેઓશ્રીનો દીક્ષાપર્યાય બહુ જ લાંબા સમયનો હશે અને તે દરમ્યાન ઉપરોક્ત હસ્તપ્રત અને સુંદર રંગીન યંત્રપટો સિવાય ઘણી કલાકૃતિઓનું સર્જન તેઓશ્રીના ઉપદેશથી થયું હશે. તેઓશ્રીની આચાર્ય પદવી વીસપચીશ વર્ષની ઉંમરે થયેલી માનીએ, તો પણ તેઓશ્રીનું આયુષ્ય ઓછામાં ઓછું ૮૦–૮૫ વરસનું માની શકાય. આવા ઉચ્ચ કોટિના કલાત્મક સાહિત્યનું સર્જન કરાવનાર મહાપુરુષનું જીવંત સ્મારક આ કલાકૃતિઓ જ છે.

✕ ✕ ✕

### મહામંત્રવિશારદ અંચલગચ્છાધિપતિ શ્રી મેરુતુંગસૂરિ કૃત

## શ્રી સૂરિમુખ્યમંત્રકલ્પ [સચિત્ર]

શ્રી અંચલગચ્છની પરંપરામાં ૧૧ મી પાટે થયેલા મહામંત્ર વિશારદ શ્રી મેરુતુંગસૂરિજીનો જન્મ મારવાડમાં આવેલા નાણીનગરમાં સંવત ૧૪૦૩ માં પોરવાડ જ્ઞાતિના વોરા વઈરસિંહ પિતા અને ન્હણુદેવી નામની માતાને ત્યાં થયો હતો. સંસારીપણામાં તેમનું નામ વસ્તિગ હતું. તેઓને સંવત ૧૪૧૦ માં માતાપિતાની સંમતિથી ધામધૂમપૂર્વક નાણી ગામમાં અંચલગચ્છીય બહુશ્રુત શ્રી મહેન્દ્રપ્રભસૂરિએ દીક્ષા આપી હતી. સંવત ૧૪૨૬ માં ગુજરાતની પ્રાચીન રાજધાની અણહિલપુર પાટણમાં તેઓશ્રીના ગુરુદેવ શ્રી મહેંદ્રપ્રભસૂરિજીએ, સંઘવી નરપાલે કરેલા મહોત્સવપૂર્વક તેઓશ્રીને આચાર્યપદે સ્થાપન કર્યા હતા. સં. ૧૪૪૬ માં તેઓશ્રીને ગચ્છનાયક પદ આપવામાં આવ્યું હતું અને તેઓશ્રી ૬૮ વરસની ઉંમરે સંવત ૧૪૭૧ ના માગશર સુદી પાંચમના પાટણમાં જ કાળધર્મ પામ્યા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રીના જીવનને લગતો વિશિષ્ટ વૃતાંત 'અંચલગચ્છ દિગ્દર્શન' નામના ગ્રંથમાં પૃષ્ઠ ૧૯૯ થી ૨૩૫ માં આપવામાં આવેલો છે.

**એમના રચેલા ગ્રંથો :**

સંવત ૧૪૪૪ માં કાતંત્ર વ્યાકરણ પર બાલાવબોધ વૃતિ રચી; જેના ઉપર પોતે જ ચતુષ્કવૃતિ ટિપ્પનક નામની ૨૧૨૮ શ્લોક પ્રમાણ કૃતિ રચી છે. જેનો ટૂંક પરિચય આ લેખમાં જ આપેલો છે. ત્યાર પછી જૈન મેઘદૂત કાવ્ય, ષટદર્શન સમુચ્ચય (વે. નં. ૧૬૬૬), સંવત ૧૪૪૯ માં સપ્તતિ ભાષ્ય પર ટીકા બનાવી.[1] તેમાં મુનિ શેખરસૂરિએ રચવામાં સહાય કરી હતી. ભાવધર્મ પ્રક્રિયા, શતક ભાષ્ય, નમોત્થુણં પર ટીક, ઉપદેશ-માળાની ટીકા, સુસઢકથા, ધર્મોપદેશ, લઘુશતપદી, સંવત ૧૪૫૦ માં પોતાની ૫૩ વર્ષની વયે એટલે ૧૪૫૬ માં અથવા તે શતકના ૫૩ મા વર્ષે, એટલે સંવત ૧૪૫૩ માં શતપદિકા સારોદ્ધાર અને સૂરિમંત્રકલ્પ સારોદ્ધાર (જુઓ. પીટર્સન રિપોર્ટ પૃ. ૨૪૮), શ્રી કંકાલ રસાધ્યાય (જુઓ. વેબર વર્ષ ૧. પૃ. ૨૯૭) તથા નાભિવંશસંભવ કાવ્ય, યદુવંશસંભવ કાવ્ય, નેમિદૂત કાવ્ય આદિ કાલિદાસ, માઘ વગેરેનાં પાંચ કાવ્યની પેઠે કાવ્ય, જેસાજી પ્રબંધ જેમાં ઉમરકોટના જેસાજીએ આ સૂરિજીના ઉપદેશથી ઉમરકોટમાં જ શ્રી શાંતિનાથ પ્રભુનો ૭૨ દેવકુલિકાવાળો પ્રાસાદ કરાવ્યો અને શત્રુંજયાદિ તીર્થોની યાત્રા કર્યાનું સુંદર વર્ણન છે.

પ્રસ્તુત પૂજ્યશ્રી મેરુતુંગસૂરિની બાબતમાં તેઓ પ્રખર મંત્રવાદી હતા. તે સંબંધમાં તેમના જીવનમાં બનેલી કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ તેમની પરંપરામાં થઈ ગયેલા એક અજ્ઞાતશિષ્યે આ પ્રમાણે કરેલો છે :

(૧) મેરુતુંગસૂરિજીએ આસાઉલી (આજનું અસારવા) માં યવનરાજને પ્રતિબોધ આપીને અહિંસાનો મર્મ સમજાવ્યો હતો. એવો ઉલ્લેખ કરેલો છે કે, આ વાત કહેતાં પખવાડિયું કે મહિનો વીતી જાય એટલી મોટી છે :

આસાઉલીઈ સાખ જવનરાઉ પડિબોહિઉયે, કહતાં લાગઈ પાખ માસ વાત જઈ તે ઘણીય.

---

૧. આ ગ્રંથની પ્રશસ્તિમાં કર્તા પોતે આ પ્રમાણે જણાવે છે :

शिष्यप्रशिष्यस्मरणार्थमेतै र्विनेय वात्सल्य रसाभ्युपेतैः ।
व्यतानि नन्दाम्बुधिवेदसोम (१४४९) संवत्सरे सप्ततिभाष्यटीका ॥
काव्यं श्री मेगदूताख्यं, षड्दर्शन समुच्चयः । वृतिर्बालावबोधाख्या धातुपरायणं तथा ॥
एवमादि महाग्रन्थनिर्माणपरायणाः । चतुराणां चिरं चेतश्चमत्काराय येऽन्वहम् ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) પુરિસાદાણીય મહિમાવંત શ્રી શંખેશ્વર મહાતીર્થની નજીકમાં જ આવેલા લોલાડા ગામમાં પૂજ્યશ્રી મેરુતુંગસૂરિજીએ ભયંકર સર્પનું ઝેર શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરીને દૂર કર્યું હતું, તે વાત રાસકારના સમયમાં જાણીતી હતી. આ પ્રસંગ વર્ણ-વતાં રાસકાર કહે છે કે, એક વખત આચાર્યદેવ સંધ્યા સમયે આવશ્યક ક્રિયા કરીને કાઉ-સગ્ગ ધ્યાનમાં મગ્ન થઈને ઊભા હતા, તે વખતે એક કાળા સર્પે આવીને આચાર્યશ્રીને પગે ડંખ દીધો. તે વખતે તેઓ મેરુતુંગસૂરિ, પૂર્વે થઈ ગયેલા મેતાર્ય દમદન્ત તથા ચિલાતીપુત્ર વગેરે મુનિઓની જેમ ધ્યાનમાં સ્થિર રહ્યા અને કાયોત્સર્ગ પૂર્ણ થયા પછી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સમક્ષ ધ્યાનાસન જમાવી બેસી ગયા. પાર્શ્વનાથ પ્રભુના ધ્યાનના પ્રભાવથી તેઓનું બધું ઝેર ઊતરી ગયું. સવારમાં તેઓનું વ્યાખ્યાન શ્રવણ કરવા સંઘ આવ્યો, ત્યારે આચાર્યદેવને સ્વસ્થ જોઈ સંઘમાં આનંદ છવાઈ ગયો. અને અંચલગચ્છનો મહિમા સારા યે ગામમાં પ્રસર્યો :

અન્ન દિવસિ ગુરુરાય, સાંઝ આવશ્યક કરીય;
કાઉસગ્ગિહુઉ થિરકાય, કાલ ભુઅંગમિ પગડસીય.
મુણિ મેયજ્જ ચલાઈપુત, મુણિ દમદંત જિમ;
અહિયાસી થિર થાઈ,' કાઉસગ્ગ પૂરઉ કરીય.
મંત્રયંત્ર મણિમૂલ ગણ, ગુણીયા ગદ ગારુડીય;
ઔષધ મૂકી મૂલ, પરમધામિ લહુ લાઈ મન.
પાસ જિણેસર બિંબ, આસણુ માંડીઉએ;
લખ લાગઉ અવિલંબ, અમીય પ્રવાહ ઉઘાડીઉએ.
ઝાણુ અમીય રસઅંગ, તિમ સીંચિય જિમ સવિસ;
નિન્નાસીય સવ્વંગરવિક્સ, પસરિરિ તિમિરહ જિમ.
ઉગમતઈ સિરિ સૂરિ, સૂરિરાઉ સોભાગ નિધ;
ઉઠિઉ આણંદપૂરિ, અમિય સરિસ દેસણુ કરઈ.
ઉછલીઉ જયવાદ, કલરવ જિણુસાસણુ ભઉએ;
જગુવરિ નિરૂવઈ નાદ, અંચલગચ્છહ મતિ વલઇએ.
સાવગ કરઈ અસંખ, દ્રવ્ય સ્તવ ભાવહિ સહિય;
કલિ જિમ કાલભુયંગ, જીતઉ જગિ રેખા રહિય.

(૩) લાવણ્યચંદ્ર 'વીરવંશાનુક્રમ'માં મેરુતુંગસૂરિના જીવન વિષે આમ નોંધ કરે છે: ગણનાયક મેરુતુંગસૂરિને અષ્ટાંગયોગ, તથા સર્વ વિદ્યાઓનું જ્ઞાન હતું અને સદૈવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ્માવતી અને ચક્રેશ્વરી દેવીઓ એમની પાસે આવતી હતી. શ્રી જીરાપલ્લી પાર્શ્વનાથના અધિષ્ઠાયક યક્ષની કૃપા વડે ઉત્પન્ન થયેલા પ્રભાવને સાંભળેલો હોવા છતાં બૃહસ્પતિ પણ વર્ણન ન કરી શકે, તો પછી મારા જેવો મંદ બુદ્ધિવાળો માણસ કેવી રીતે વર્ણન કરી શકે ?

तत्स्थाने प्रभु मेरुतुंगगण भृद्योष्टांगयोगं समा ।
विद्याः सम्यग्वेत् सदैव सविधे पद्मा च चक्रेश्वरी ॥
जीरापल्लीजिनेशयक्षकृपयोद्भूतान् प्रभावान् श्रुता—
न्वक्तुं वाग्पतिरक्षमः किमुपुनर्माद्रिग्नरो मंदधीः ॥३५॥

(૪) વળી, 'મેરુતુંગસૂરિરાસ'માં શ્રી ચક્રેશ્વરી દેવી મેરુતુંગસૂરિનું સાન્નિધ્ય કરતાં હતાં એવો ઉલ્લેખ છે.

'સાંનિધૂ કરઇ અપાર, ચઉપટ ચક્કેસરિ સૂરિય.'

(૫) શ્રી શત્રુંજય પર્વત ઉપર આવેલા ભંડારીજીએ બંધાવેલા જિનમંદિરના શિલાલેખમાં ચક્રેશ્વરી દેવી મેરુતુંગસૂરિ ઉપર પ્રસન્ન થયાં હતાં, એવું વિધાન છે.

**चक्रेश्वरी भगवती विहित्तप्रसादाः श्री मेरुतुंग सूरयो नरदेववंद्याः ॥ १० ॥**

(૬) અંતમાં '**ॐ नमो देवदेवाय**' થી શરૂ થતા મહામંત્ર ગર્ભિત શ્રી જીરાપલ્લી પાર્શ્વનાથ શ્લોક ૧૪, કે જે મારા તરફથી પ્રસિદ્ધ થયેલા 'મંત્રાધિરાજ ચિંતામણિ' નામના ગ્રંથનાં પૃષ્ઠ ૪૮–૪૯ ઉપર ઇ. સ. ૧૯૩૬ માં પ્રસિદ્ધ થયેલ છે. તે સ્તોત્રની ઉત્પત્તિનું કારણ વડનગરમાં કેવી રીતે ઉત્પન્ન થયું તે દર્શાવીને પુણ્યનામધેય, પ્રાતઃસ્મરણીય અંચલગચ્છેશ શ્રી મેરુતુંગસૂરિની મારા સંગ્રહમાં આવેલી બે મહત્ત્વની હસ્તપ્રતોનો ટૂંક પરિચય આપવાનું હું યોગ્ય માનું છું.

એક વખત વિહાર કરતાં પૂજ્યશ્રી મેરુતુંગસૂરિ, પોતાના શિષ્ય–પ્રશિષ્યોના પરિવાર સહિત વડનગરના ગામ બહાર આવેલા તળાવની પાળ ઉપર આવીને સ્થિરતા કરી. તે વખતે નાગર બ્રાહ્મણોનાં ત્યાં ત્રણસો ઘર હતાં. નગરમાં ગોચરી માટે ફરતાં શિષ્યોને કોઈએ કહ્યું કે, 'સારું થયું, તપોવૃદ્ધિ થઈ.' થોડા સમય પછી ગામના એક કરોડપતિ નગરશેઠના એકનાએક પુત્રને સર્પે ડંશ દીધો. સર્પદંશથી છોકરો મૂર્છિત થઈ ગયો. ઘણા ઉપાયો કરવા છતાં છોકરો ભાનમાં નહીં આવવાથી તેને મરણ પામેલો માની રોવા–કૂટવાનું શરૂ થઈ ગયું. મેરુતુંગસૂરિએ નગરશેઠને પૂછાવ્યું કે, 'છોકરાને જીવતો કરી આપું તો શું આપશો ?' નગરશેઠ ભારોભાર સોનું આપવા ઇચ્છા બતાવી. ગુરુ મહારાજ તો નિઃસ્પૃહી હતા. જેથી સર્વ નાગરોએ શ્રાવક થવાનું કબુલ કર્યું. એટલે ઉપરોક્ત **ॐ नमो देवदेवाय** થી શરૂ થતું સ્તોત્ર રચ્યું અને નવકુળ નાગને બોલાવ્યા. ડસેલા સર્પને ડંખે વળગાડી સર્વ ઝેર ચૂસી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવડાવ્યું, અને છોકરાને જીવતો કર્યો. આચાર્યના પ્રભાવથી સૌએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો અને મોટા ઉત્સવપૂર્વક મેરુતુંગસૂરિનો વડનગરમાં નગરપ્રવેશ કરાવવામાં આવ્યો. તેઓશ્રીનાં ઉપદેશથી નાગરોએ વડનગરમાં જિનમંદિર તથા ઉપાશ્રય બંધાવ્યાં.

ઉપરોક્ત મહામંત્રવાદી, પ્રખર સાહિત્યકાર તથા પરમ તપસ્વી શ્રી મેરુતુંગસૂરિજીએ પોતાના જ હાથે લખેલી શ્રી સૂરિમુખ્યમંત્રકલ્પની એક સુંદર હસ્તપ્રતિ મારા પોતાના સંગ્રહમાં છે.

**પ્રતિ પરિચય :** આ પ્રતિ ૪૯ પાનાંની છે. તેની લંબાઈ ૫$\frac{1}{2}$ ઇંચ અને પહોળાઈ ૨$\frac{1}{2}$ ઇંચ છે. આ પ્રતિ પોતાની પાસે રાખીને, તેનો નિરંતર સ્વાધ્યાય કરવા માટે, પોતાના સ્વહસ્તે જ મેરુતુંગસૂરિએ લખેલી છે. જે વાતનો સ્પષ્ટ ઉલ્લેખ, ૪૯ પાનામાં પોતે જ આ પ્રમાણે કરેલો છે :

श्रीमदंचलगच्छेशः श्रीमेरुतुंगसूरयः । आलोक्यानेकसूरींद्रं मुख्यमंत्रोपयोगिनः ॥ १ ॥ ग्रंथान् गच्छोपयोगार्थ सारोद्धारं व्यधुः स्वयं ॥ श्लोकाः पंचशतान्यत्राष्टापंचाशच्चनिश्चिताः इतिश्री विधिपक्ष मुख्याभिधान श्रीमदंचलगच्छेश श्री मेरुतुंगसूरिलिखितः श्री अंचलगच्छे श्री सूरिमुख्यमंत्रकल्प छ ॥ ग्रंथाग्रं ५५८ ॥ छ ॥

અર્થાત : શ્રીમદંચલગચ્છેશ શ્રી મેરુતુંગસૂરિએ અનેક સૂરિમુખ્યમંત્રોપયોગ કલ્પોનું નિરીક્ષણ કરીને, આ ગ્રંથ પોતાના ગચ્છના ઉપયોગ માટે, અનેક સૂરિમંત્રોના સારોદ્ધાર-રૂપ, પાંચસો અઠ્ઠાવન શ્લોક પ્રમાણ આ સૂરિમુખ્યમંત્રકલ્પ નામનો ગ્રંથ વિધિપક્ષના મુખ્ય નામથી ઓળખાતા એવા અંચલગચ્છેશ શ્રી મેરુતુંગસૂરિએ જાતે લખેલો છે.

આ ઐતિહાસિક મહાપુરુષે લખેલી હસ્તપ્રત, પ્રાચીન તાડપત્રીય પ્રતોની માફક છેક પાનાના મધ્ય ભાગમાં ૭ છિદ્રવાળી છે. અને દરેક છિદ્રને ફરતું સુંદર લાલ શાહીથી દોરેલું કમલ પાંખડીઓ જેવું સુશોભન છે. પ્રતના અક્ષરો ગોળાકાર, મનોહર અને સુવાચ્ય છે. દરેક પત્રમાં સાત અથવા લીટીઓ છે અને દરેક લીટીમાં ૨૭–૨૮ અક્ષરો છે.

વાંચકોની જાણ ખાતર બીજું પાનું કે જેમાં છતમાં બાંધેલા ચંદરવાની નીચે, સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલા જૈનાચાર્યનું સુંદર ચિત્ર છે. આ પ્રત મેરુતુંગસૂરિએ પોતાના હાથે જ લખેલી હોવાથી આ ચિત્ર તેઓશ્રીના ગુરુશ્રી મહેન્દ્રસૂરિજી અને તેઓશ્રીની સામે બે હાથ જોડીને બેઠેલા શિષ્ય (શ્રી મેરુતુંગસૂરિજી) હોવાનો સંભવ છે. ચિત્રની નીચેના ભાગમાં એક ભક્ત શ્રાવક, બે સાધ્વીઓ તથા એક શ્રાવિકા બંને હસ્તની અંજલિ જોડીને સુવર્ણસિંહાસન ઉપર બેઠેલા શ્રી મહેન્દ્રસૂરિજીનો ઉપદેશ સાંભળતાં બેઠેલાં છે. આ ચિત્ર સામાન્ય પ્રકારનું હોવા છતાં ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વ ધરાવે છે. ચિત્રની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લંબાઈ ૧$\frac{3}{4}$ ઇંચ તથા પહોળાઈ ૨ ઇંચ માત્ર છે. વાંચકોની જાણ ખાતર આ ઐતિહાસિક પ્રતનાં પાનાં બે ઉપરનું શ્રી મહેન્દ્રસૂરિ તથા પૂજ્યશ્રી મેરુતુંગસૂરિજીવાળા ચિત્રના આઠ લીટીમાં લખેલા સુંદર સુવાચ્ય લખાણ સહિતનું આખું પાનું તથા પ્રતના છેવટના ૪૯ મા પાના ઉપરની પાંચ લીટીઓ કે જેમાં પૂજ્યશ્રી મેરુતુંગસૂરિજીએ પોતે જ આ પ્રત લખ્યાનો ઉલ્લેખ પાનાની ચોથી લીટીના મધ્ય ભાગમાં श्रीमेरुतुंगसूरिलिखितः સ્પષ્ટ અક્ષરોથી કરેલો છે, જેની રજુઆત આ ગ્રંથના બ્લોક ચિત્ર ૧ માં આ સાથે જ કરેલી છે.

આ હસ્તપ્રત લગભગ પિસ્તાલીસ વર્ષ પહેલાં મને અમદાવાદના એક જૈન પુસ્તક વિક્રેતા પાસેથી પ્રાપ્ત થઈ હતી અને મેં પણ હસ્તપ્રતનાં બીજા પાનામાં માત્ર એક જ ચિત્રની વિશિષ્ટ મહત્તા સમજીને ખરીદ કરી હતી અને તે સ્વર્ગસ્થ આગમ-દિવાકર પૂજ્યશ્રી પુણ્યવિજયજીને પાટણ મુકામે બતાવતાં આ હસ્તપ્રત મહાપ્રભાવિક પૂજ્યશ્રી મેરુતુંગસૂરિજીએ પોતાના હાથે જ લખ્યાનું કહીને આ પ્રતની ઐતિહાસિક મહત્તા સમજાવી હતી. આ આખા ય સૂરિમુખ્યમંત્રકલ્પનું મૂળ અને તેના ગુજરાતી ભાષાંતર સહિત મેં મારી ગ્રંથમાળામાં 'સૂરિમંત્રકલ્પ સંદોહ' નામના ગ્રંથમાં છપાવી દીધેલ છે. આ ગ્રંથમાં બીજા પણ સૂરિમંત્રકલ્પો તથા શ્રી સિંહતિલકસૂરિ કૃત વર્ધમાન વિદ્યાકલ્પ વગેરે ગુજરાતી ભાષાંતર સાથે છપાવેલ છે. હાલમાં થોડી જ નકલો પ્રાપ્ત છે. અત્યાર સુધીની કાગળ પરની સચિત્ર હસ્તપ્રતોમાં મળી આવેલા ચિત્રો પૈકી આ હસ્તપ્રતનું ચિત્ર કદમાં નાનામાં નાનું છે. આ ચિત્રની પાર્શ્વ ભૂમિકા લાલ રંગની છે. ચિત્રમાં સાધુઓનાં વસ્ત્ર સફેદ છે અને માત્ર મહેન્દ્રપ્રભસૂરિ જે સિંહાસન ઉપર બેઠેલા છે, તે સિંહાસનમાં જ ચિત્રકારે સોનાની શાહીનો ઉપયોગ કરેલો છે. શ્રી મહેન્દ્રપ્રભસૂરિજી અને શ્રી મેરુતુંગસૂરિજીની વચ્ચે સ્થાપનાચાર્યજી છે. ગુજરાતની જૈનાશ્રિત કલાના ચૌદમા સૈકાના અંતિમ સમયનું આ ચિત્ર હોવાથી, તે સમયના પુરુષ અને સ્ત્રીઓનો પહેરવેશ આ ચિત્ર રજૂ કરે છે. અગાઉ જણાવી ગયા પ્રમાણે 'સૂરિમંત્રકલ્પ સારોદ્ધાર'ની રચના મેરુતુંગસૂરિએ વિક્રમ સંવત ૧૪૫૩ માં કરેલી છે. વળી સૂરિમંત્રકલ્પોના સારોદ્ધાર રૂપ આ ગ્રંથનું ખરું નામ 'શ્રી સૂરિમુખ્ય મંત્ર-કલ્પ' હોવાનું ગ્રંથકારે પોતે જ અંત ભાગમાં જણાવેલ છે.

વળી આવા પ્રકાંડ વિદ્વાન અને મંત્રવાદી તથા દેવોને પણ માન્ય પ્રાતઃસ્મરણીય શ્રી મેરુતુંગસૂરિ જેવા મહાપુરુષે પોતાની પાસે અનેક શિષ્યો તથા પ્રશિષ્યો હાજર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવા છતાં આ મહામૂલ્યવાન કૃતિ પોતાના જ હાથે લખી છે, તે તેઓશ્રીની જ્ઞાન પ્રત્યેની અડગ ભક્તિ દર્શાવે છે.

મારા સંગ્રહમાં તેઓશ્રીએ રચેલા 'કાતંત્રવ્યાકરણ'ના બાલાવબોધ ઉપર 'ચતુષ્કવૃત્તિ ટિપ્પનક' નામનો લગભગ પંદરમા સૈકામાં ૨૧૨૮ શ્લોક-પ્રમાણની કાગળ પર લખાયેલી ૭૭ પાનાંની હસ્તપ્રત છે. આ પ્રતની લંબાઈ ૮ ઇંચ છે. આ હસ્તપ્રતનાં પત્ર ૬/૧, ૮, ૨૩, ૨૬, ૫૯/૧, ૬૬/૧ તથા ૭૬ ઉપર इति श्रीमदंचलगच्छेश्वर श्री मेरुतुंगसूरिरचिते અને પત્ર ૯/૧, ૧૨/૧, ૧૪, ૧૮, ૪૩ નંબરનાં પાનાઓ ઉપર इति श्री मेरुतुंगसूरिरचिताया નો પ્રત લખનારે અગિયાર જગ્યાએ શ્રી મેરુતુંગસૂરિના નામનો ઉલ્લેખ કરેલો છે. વાંચકોની જાણ ખાતર આ પ્રતના પહેલા તથા ૭૬ મા પાનાંની નવમી લીટીમાં इति श्रीमदंचलगच्छेश श्रीमेरुतुंगसूरिविरचिते बालावबोध स्वोपज्ञ चतुष्कवृत्तिटिप्पनके पष्टपादषे । લખેલું છે.

■ ■ ■

---

सत्वेषु मैत्रीं गुणिष्यु प्रणोदं,
क्लिष्टेषु जीवेषु कृपापरत्वन् ।
माध्यस्थभावं विपरीतवृत्तौ,
सदा ममात्मा विदधातु धेव ।

બધા સત્ત્વો એટલે કે પ્રાણીઓ પ્રત્યે પ્રમોદ (આનંદ), દુઃખીઓ પ્રત્યે કરુણા અને પ્રતિકૂળ અથવા વિરોધીઓ પ્રત્યે મધ્યસ્થ ભાવ હો. હે પ્રભુ! મારા આત્મા આ ભાવોને ધારણ કરે.

* * *

न कम्मुणा कम्म खवेन्ति बाला,
अकम्मुणा कम्म खवेन्ति धीरा ।
मेहाविणो लोभ—भया वईया,
सतोषिणो न वकरेन्ति पावं ।।

[ सूत्र कृतांग १-१२/१५ ]

અજ્ઞાની ગમે તેટલો પ્રયત્ન કરે, તો પણ એ કુસંસ્કારોનો નાશ કરી શકતા નથી. બુદ્ધિમાન સાધક એ છે, જે સંયમમય પ્રવૃત્તિઓ દ્વારા પાપકર્મોનો નાશ કરે છે. એટલે લોભ, ભય રહિત થઈ, સંપૂર્ણપણે સંતુષ્ટ રહેવાવાળા મેધાવી કોઈ પણ પ્રકારનું પાપ કરતા નથી.

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org